# आचारोपनिषद्

आ. कल्याणबोधिसूरि म.सा.

# AACHAROPANISHAD

The basic behaviour of Jain Saints.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

શ્રી પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષસૂરિસદ્‌ગુરુભ્યો નમઃ

શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીએ નવલું નજરાણું-૭૯

दशविधसामाचारीरहस्यप्रतिपादिका

नवनिर्मितसंस्कृतप्रकरणरूपा

# आचारोपनिषद्

नूतनसंस्कृतप्रकरणसर्जनम्+गुर्जरभाषानुवादः+सम्पादनम्

प्राचीनश्रुतोद्धारक प.पू. आचार्यदेव-श्रीमद्विजय**हेमचन्द्रसूरीश्वराणां** शिष्या

आचार्यविजय**कल्याणबोधिसूरीश्वराः**

प्रकाशक

**श्री जिनशासन आराधना ट्रस्ट**

- **કૃતિ** : આચારોપનિષદ્ (સંસ્કૃત, ૧૦૦ શ્લોક પ્રમાણ)
- **કૃતિકાર** : પ્રાચીન આગમ-શાસ્ત્રોદ્ધારક પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ના શિષ્ય પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજ.
- **વિષય** : દશ પ્રકારની સામાચારી
- **મુખ્ય આધાર ગ્રંથો** : સામાચારી પ્રકરણ, પંચાશક, આવશ્યકનિર્યુક્તિ, લોકપ્રકાશ.
- **વિશેષતા** : સુગમ શૈલીમાં પ્રત્યેક સામાચારી પર ૯-૯ શ્લોકોનું નવસર્જન, સરળ ગુજરાતી અનુવાદ સાથે. સહેલાઈથી કંઠસ્થ થઈ શકે તેવો પદ્યબંધ. સામાચારીના સમ્યક્ પાલન અને પરિણતિ કેળવવા માટે એક સુંદર આલંબન.
- **પઠન-પાઠનના અધિકારી** : ગીતાર્થગુરુ અનુજ્ઞાત આત્મા.


- વિ. સં. ૨૦૬૮ ● પ્રતિ : ૫૦૦ ● આવૃત્તિ : પ્રથમ● મૂલ્ય : રૂા. ૧૧૦.

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યથી પ્રકાશિત થયું છે. માટે ગૃહસ્થે મૂલ્ય ચૂકવીને માલિકી કરવી.

- પ્રકાશક : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

E-mail : jinshasan_108@yahoo.com



© શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

Copyright held by Shree Jinshasan Aradhana Trust under Indian Copyright Act, 1957. http://copyright.gov.in/documents/copyright rules 1957, pdf.

Note : Unauthorised usage, whether uploading on any website or printing in a book or forwarding to others on the internet or putting up on a blog is prohibited. Reproduction of this text by any means whether in part or in full, cannot be made unless express written consent obtained from shree Jinshasan Aradhana Trust. Any violation of this shall be deemed a violation of the intellectual rights of the publisher & of the copyright act, 1957.


---


**મુદ્રક : ભરત ગ્રાફિક્સ,** ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.
Ph. : 079-22134176, M : 9925020106, E-mail : bharatgraphics1@gmail.com



चरमतीर्थपतिः करुणासागरः
श्रीमहावीरस्वामी

अनन्तलब्धिनिधानः
श्रीगौतमस्वामी





पञ्चमगणधरः
श्रीसुधर्मास्वामी

# કૃપા વરસે અનરાધાર

સિદ્ધાંતમહોદધિ સુવિશાલગચ્છસર્જક પ. પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**

વર્ધમાન તપોનિધિ ન્યાયવિશારદ પ. પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**

અજોડ ગુરુસમર્પિત ગુણગણનિધિ પ.પૂ. પંન્યાસપ્રવર

**શ્રી પદ્મવિજયજી ગણિવર્ય**

વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

# સુકૃત સહયોગી

# શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક મંડળ

## મુંબઈ

## અનુમોદના... અભિનંદન... ધન્યવાદ

### જ્ઞાનનિધિના સદ્વિનિયોગ બદલ શ્રીસંઘ તથા ટ્રસ્ટીઓની ભૂરિ ભૂરિ અનુમોદના

- **પ્રાપ્તિસ્થાન : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

મુંબઈ : શ્રી ચંદ્રકુમારભાઈ બી. જરીવાલા,
દુ.નં. ૬, બદ્રીકેશ્વર સોસાયટી, મરીન ડ્રાઈવ 'ઈ' રોડ,
નેતાજી સુભાષ માર્ગ, મુંબઈ. ફોન : ૨૨૮૧૮૩૯૦

શ્રી અક્ષયભાઈ જે. શાહ
૫૦૬, પદ્મએપાર્ટમેન્ટ, જૈન દેરાસરની સામે,
સર્વોદયનગર મુલુંડ (વે.) મુંબઈ-૪૦૦૦૮૦. ફોન : ૨૫૬૭૪૭૮૦

પાટણ : શ્રી ચંદ્રકાંતભાઈ એસ. સંઘવી
૬-બી, અશોકા કોમ્પલેક્ષ, પહેલા રેલવે ગરનાળા પાસે,
પાટણ, ઉ.ગુ. ફોન : ૯૯૦૯૪ ૬૮૫૭૨

અમદાવાદ : શ્રી બાબુભાઈ સરેમલજી બેડાવાળા
સિદ્ધાચલ બંગલોઝ, સેન્ટ એન. સ્કુલ પાસે, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૫. ફોન : ૨૭૫૦૫૭૨૦, ૨૨૧૩૨૫૪૩

# आचारः प्रथमो धर्मः

વિ.સં. ૨૦૬૭... ફાગણ મહિનામાં અંધેરી - ઈર્લા મુકામે સામુદાયિક મિલન થયું. પ.પૂ. ગચ્છાધિપતિશ્રી આદિ સાત-સાત આચાર્ય ભગવંતો... લગભગ સવા સો જેટલા શ્રમણ ભગવંતો... સ્વાધ્યાય, ભક્તિ, વાચના, પરિષદ્ આદિથી તરબતર એ અવિસ્મરણીય ક્ષણોમાંથી પસાર થવાનું પરમ સૌભાગ્ય સાંપડ્યું.

પરિષદોમાં થયેલી અનેક વિચારણાઓ અને નિર્ણયોમાંથી એક વાત આ હતી. વ્યવહારિક અભ્યાસમાં SSC સુધી બધાને એક જ અભ્યાસક્રમ હોય છે. ધોરણ ૧૧ થી (કે ક્યાંક ધોરણ ૧૨ પછી) જ વિદ્યાર્થી પોતાને મનપસંદ વિષય લઈ શકે છે. તેમ આપણે ત્યાં પણ જે શ્રમણ (૧) અધ્યાત્મ, (૨) વૈરાગ્ય અને (૩) આચારના ક્ષેત્રમાં 'સોલિડ' કક્ષાને પ્રાપ્ત કરી લે, તે જ શ્રમણ પોતાને ઈષ્ટ એવા જ્યોતિષ આદિ વિષયોમાં પોતાના ગુરુદેવની આજ્ઞાપૂર્વક આગળ વધી શકે.

કેટલી માર્મિક વાત ! હજુ ચિંતન કરીએ તો એમ લાગે છે, કે આચારના સુરક્ષાકવચ વિના અધ્યાત્મ અને વૈરાગ્ય ટકી શકે, એવી શક્યતા લગભગ નથી. અરે, આચાર વિનાની અધ્યાત્મ-વૈરાગ્યની વાતો પણ પ્રાયઃ દંભમાત્ર બની જાય છે. માટે સૌ પ્રથમ આવશ્યકતા છે આચારમાં સુસ્થિત થવાની.

પ્રસ્તુત પ્રબંધનો પણ આ જ વિષય છે - સામાચારી. દર ચૌદશે અતિચારમાં દરેક સંયમી ભગવંતો બોલે છે - 'ઈચ્છા-મિચ્છાદિક દશવિધ ચક્રવાલ સામાચારી સાચવી નહીં.' પણ આ દશ સામાચારીના નામ ક્યાં ? તેમનું સ્વરૂપ શું ? ઈત્યાદિ જ્ઞાન બહુ થોડાને હોય છે. આનું નિરૂપણ કરનારા આગમાદિ ગ્રંથોનો અભ્યાસ કદાચ સંયમગ્રહણના વર્ષો પછી શક્ય બનતો હોય છે. તો કેટલાક મહાત્માઓ તથાવિધ ક્ષયોપશમનો અભાવ આદિ કારણોથી તેના અભ્યાસથી વંચિત જ રહે છે. આ પરિસ્થિતિમાં સંયમજીવનની પ્રાણસમી સામાચારી સર્વ મહાત્માઓને સુગમ-સુલભ થાય એ

પ્રયોજનથી આ નૂતન સંસ્કૃત પ્રકરણની રચના કરી છે. માત્ર ૧૦૦ શ્લોકનું આ પ્રકરણ નાના-મોટા કોઈ પણ મહાત્મા સહેલાઈથી ગોખી શકે તેમ છે. સાથે જ સરળ ગુજરાતી અનુવાદ પણ આપેલો છે.

જિનાજ્ઞાનું પાલન, સુવિહિત પરંપરાનો આદર, સંયમજીવનની સાર્થકતા, વિશિષ્ટ કર્મક્ષય, પ્રકૃષ્ટ પુણ્ય ઉપાર્જન આ બધા તો સામાચારી પાલનના લાભો છે જ. સાથે સાથે બાહ્યદૃષ્ટિએ પણ સામાચારી પાલનના અનેકાનેક પ્રત્યક્ષ લાભો છે. જેમકે જે ગ્રુપમાં ઈચ્છાકાર સામાચારીનું પાલન થાય, તે ગ્રુપમાં કદી પણ અલ્પ પણ કલહ-સંક્લેશ થવાની કોઈ શક્યતા નથી. એ ગ્રુપમાં પરસ્પરનો પ્રેમભાવ અતૂટ બની રહે છે. તથાકાર સામાચારીનું પાલન થાય, ત્યાં ગુરુ-શિષ્યના સંબંધમાં કદી પણ તિરાડ પડતી નથી.

આવા બાહ્ય-અભ્યંતર અનેકાનેક લાભો મેળવવા માટે આ પ્રકરણને કંઠસ્થ કરીને તેનું ફરી ફરી પરિશીલન કરી, એ શક્ય ન બને તો વારંવાર વાંચન કરવા દ્વારા પણ સામાચારીનું સમ્યક્જ્ઞાન મેળવી તેનો પ્રાયોગિક અમલ-આચરણ કરી શકાય. 'આચાર'ના આસેવન દ્વારા સ્વ-પર ને યથાખ્યાત ચારિત્રરૂપ ઉત્કૃષ્ટ આચારની પ્રાપ્તિ થાય એ જ આ નૂતન પ્રકરણના સર્જનનું ફળ ઈચ્છું છું.

પરમ કૃપાળુ પરમાત્મા તથા પરમોપકારી પરમ પૂજ્ય ગુરુદેવ **શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ની કૃપાથી આ પ્રબંધ સંપન્ન થયેલ છે. આ ગ્રંથના મૂલાધાર છે- મુનિ **જિનપ્રેમવિ.** અને અનન્ય સહયોગી છે મુનિ **ભાવપ્રેમ વિ.** તથા મુનિ **રાજપ્રેમ વિ.** તેમજ ભરત ગ્રાફિક્સ દ્વારા ટાઈપ સેટીંગ આદિ કાર્ય સુચારુરૂપે પૂર્ણ કરવામાં આવેલ છે. જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્. ક્ષતિનિર્દેશ કરવા માટે બહુશ્રુતોને નમ્ર પ્રાર્થના.

**ફા.વ. ૧૩, વિ.સં. ૨૦૬૭**
**વર્ધમાન હાઈટ્સ,**
**ચિંચપોકલી,**
**મુંબઈ**

પ્રાચીન આગમ-શાસ્ત્રોદ્ધારક
પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય
**હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**નો
ચરણ સેવક
આચાર્ય વિજય **કલ્યાણબોધિસૂરિ**

# ।। आचारोपनिषद् ।।

।। मंगलम् ।।

श्रीवर्द्धमानं जिनवर्द्धमानं,
सूरीन्द्रमेवं गुरुहेमचन्द्रम् ।
प्रणम्य नम्यं वितनोमि सामा-
चारीश्रुतं सूत्रसमाश्रयेण ।। १ ।।

सामाचारी समाचीर्णा, श्रमणैर्या शुभक्रिया ।
त्रिधाऽस्त्येषा समाख्याता, जिनागमविशारदैः ।। २ ।।

आद्या तत्रौघनिर्युक्ति - स्थिता सौघाभिधोच्यते ।
पदविभागनाम्नीह, छेदसूत्राऽऽश्रयाऽपरा ।। ३ ।।

इच्छादिका तृतीया या, सामाचारी समीरिता ।
उत्तराध्ययने सेह, प्रक्रान्ता दशधोच्यते ।। ४ ।।

इच्छा मिथ्या तथाकार, आवश्यकी नैषेधिकी ।
आपृच्छा प्रतिपृच्छा च, छन्दना च निमन्त्रणा ।। ५ ।।

# આચારોપનિષદ્

॥ મંગલમ્ ॥

આર્હન્ત્યની લક્ષ્મીથી વૃદ્ધિ પામતા શ્રી વર્દ્ધમાન જિન અને ગુરુદેવ શ્રી હેમચંદ્રસૂરીશ્વર, આ વંદનીય વિભૂતિને નમસ્કાર કરીને, આગમના આધારે સામાચારી શ્રુતની રચના કરું છું. ॥ ૧ ॥

શ્રમણ ભગવંતોએ સમ્યક્ રીતે આચરેલી શુભક્રિયા એનું નામ સામાચારી. જિનાગમવિશારદોએ ત્રણ પ્રકારની સામાચારી કહી છે. ॥ ૨ ॥

તેમાં પહેલી છે ઓઘ સામાચારી. એ ઓઘનિર્યુક્તિમાં છે. બીજી છે પદવિભાગ સામાચારી. એ છેદસૂત્રોમાં છે. ॥ ૩ ॥

ત્રીજી છે ઈચ્છાકાર વગેરે સામાચારી. તે ઉત્તરાધ્યાનમાં છે. આ સામાચારી દશ પ્રકારની છે. પ્રસ્તુતમાં આ સામાચારીનું વર્ણન કરાય છે. ॥ ૪ ॥

(૧) ઈચ્છાકાર (૨) મિથ્યાકાર (૩) તથાકાર (૪) આવશ્યકી (૫) નૈષેધિકી (૬) આપૃચ્છા (૭) પ્રતિપૃચ્છા (૮) છંદના (૯) નિમંત્રણા ॥ ૫ ॥

दशमी चोपसम्पत् स्यात्, सामाचारी जिनोदिता ।
अनन्ता यां समाचर्य, तीर्णाः संसारसागरम् ॥ ६ ॥

यतनीयमतोऽवश्यं, सामाचारीसुपालने ।
श्रामण्यस्य सुनिर्वाह, एवमेव यतो भवेत् ॥ ७ ॥

सामाचारीस्वरूपं तद्, विज्ञातव्यं प्रयत्नतः ।
तदविज्ञस्य सामर्थ्यं, तद्विधौ सम्भवेन्न यत् ॥ ८ ॥

(उपजाति)

प्रदत्तशश्वच्छुभसौख्यभोगं,
परम्पदं प्राप्तुममोघयोगम् ।
सिद्ध्यङ्गनाकार्मणमद्वितीय -
मेकाग्रचित्तं शृणुतैतदेव ॥ ९ ॥

અને (૧૦) ઉપસંપદા. આ દશ પ્રકારની સામાચારી જિનેશ્વર ભગવંતોએ કહી છે, કે જેને સમ્યક્ રીતે આચરીને અનંત જીવો આ સંસાર સાગરને તરી ગયા છે. ॥ ૬ ॥

માટે સામાચારીના સમ્યક્ પાલન માટે પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે આ જ રીતે સાધુપણાનો સારી રીતે નિર્વાહ થઈ શકે છે. ॥ ૭ ॥

તેથી સામાચારીના સ્વરૂપને સમ્યક્ રીતે જાણવું જોઈએ. કારણ કે જે તેને જાણતો નથી, તે તેને આચરવા માટે સમર્થ થતો નથી. ॥ ૮ ॥

શાશ્વત પ્રશસ્ત સુખનો ભોગવટો આપનારા, પરમ પદને આપનારા અમોઘ યોગ, સિદ્ધિનારીને વશ કરવા માટે અજોડ કાર્મણ... એવા આ સામાચારીના સ્વરૂપને જ એકાગ્ર ચિત્તથી સાંભળો. ॥ ૯ ॥

## १. इच्छाकारः

इच्छया कुर्विदमिति, रात्निकाद्या दिशन्ति यत् ।
इच्छाकारेण तत् कुर्या-दितीच्छाकार उच्यते ।। १ ।।

इच्छाकारो द्वयोर्युक्तो ह्यभ्यर्थनाविधानयोः ।
आज्ञाऽऽराधनमेवं स्यात्, सम्प्रदायाऽऽदरस्तथा ।।२।।

इच्छाकारप्रयोगात् स्या- दुच्चगोत्रसमर्जनम् ।
अभियोगनिमित्तस्य, कर्मणश्चापि सङ्क्षयः ।। ३ ।।

परपीडालवस्यापि, परिहारं निरीक्ष्य च ।
बहुमन्येत लोकोऽपि, ह्यहो श्रीजिनशासनम् ।। ४ ।।

अभ्यर्थितेन वैफल्यं, नेया नेच्छाकृतिस्तथा ।
शक्त्यभावे वदेद्धेतु-पूर्वकमसमर्थताम् ।। ५ ।।

# ૧. ઈચ્છાકાર

'તમારી ઈચ્છાપૂર્વક આ કરો.' એવો જે આદેશ રત્નાધિકો કરે, તે ઈચ્છાપૂર્વક કરવું એને ઈચ્છાકાર કહેવાય છે. ॥ ૧ ॥

અભ્યર્થના કરવામાં અને વિધાન કરવામાં કહેનાર અને સાંભળનાર બંનેના પક્ષે ઈચ્છાકાર ઉચિત છે. આ રીતે આજ્ઞાની આરાધના પણ થાય છે, અને સુવિહિત પરંપરાનો આદર પણ થાય છે. ॥ ૨ ॥

ઈચ્છાકારના પ્રયોગથી ઉચ્ચગોત્રનું ઉપાર્જન થાય છે, અને જે કર્મના ઉદયથી આભિયોગિક કામ (દાસત્વ) કરવું પડે, એ કર્મની નિર્જરા થાય છે. ॥ ૩ ॥

આદેશ કરવાથી બીજાના મનને પીડા થાય, એટલી પણ પીડાના પરિહારને જોઈને લોકોને પણ બહુમાન થાય, કે આ જૈન ધર્મ કેવો સુંદર છે. ॥ ૪ ॥

જેની પાસે અભ્યર્થના કરવામાં આવે તેણે પણ સામી વ્યક્તિની પ્રાર્થનાનો ભંગ ન કરવો જોઈએ. જો એની વાત માનવાની શક્તિ ન હોય, તો કારણ જણાવવાપૂર્વક પોતાની અસમર્થતા કહેવી જોઈએ. ॥૫॥

अनिगूहितवीर्येण, भाव्यं हि साधुना सदा ।
अभ्यर्थना न कार्याऽतः, कार्यादुत्कृष्टतो विना ॥ ६ ॥

अभ्यर्थनां मुनिः कुर्याद्, ग्लानत्वादिककारणैः ।
रात्निकं परिहृत्यैव, मुक्त्वा ज्ञानादिकारणम् ॥ ७ ॥

निर्जरैकाभिलाषी तु, प्रेक्ष्य परप्रयोजनम् ।
उपेत्यापि मुनिः कुर्या-दिच्छाकारं विधानतः ॥ ८ ॥

(वसन्ततिलका)

न कल्पते मुनिजनस्य बलाभियोग,
इच्छैव रात्निकजनप्रभृतौ प्रयोज्या ।
कार्याऽभियोगकृतिरप्यपवादतः सा,
ज्ञेयाऽविनीतहयसत्कनिदर्शनेन ॥ ९ ॥

સાધુએ હંમેશા પોતાની શક્તિનું ગોપન કર્યા વિના જ રહેવું જોઈએ. તેથી ઉત્કૃષ્ટ પ્રયોજન વિના બીજા પાસે કોઈ અભ્યર્થના ન કરવી જોઈએ. ॥ ૬ ॥

જો રોગ વગેરે કારણોથી મુનિને અભ્યર્થના કરવી જ પડે, તો પણ રત્નાધિકને ન કરવી. (વડીલને કામ ન સોંપવું.) હા, જ્ઞાન વગેરેનું પ્રયોજન હોય, તો રત્નાધિકને પણ (વાચના વગેરે માટે) વિનંતિ કરવી. ॥ ૭ ॥

સાધુ તો નિર્જરાનો અભિલાષી હોય. એ જુએ કે બીજાને પ્રયોજન છે, તો પોતે સામે ચાલીને વિધિપૂર્વક વિનંતિ કરે કે, આપની ઈચ્છા હોય, તો મને આટલો લાભ આપો. ॥ ૮ ॥

બળપૂર્વક પરાણે કોઈ પાસે કાંઈ કામ કરાવવું, એ મુનિને કલ્પે નહીં. માટે રત્નાધિક આદિ પ્રત્યે ઈચ્છાકારનો જ પ્રયોગ કરવો જોઈએ. અપવાદથી તો બળપૂર્વક પણ (અધિકારી વ્યક્તિએ) કાર્ય કરવું જોઈએ. તે અવિનીત ઘોડાના દૃષ્ટાંતથી સમજવું જોઈએ. ॥ ૯ ॥

## २. मिथ्याकारः

यत्किञ्चिद्वितथं चेत् स्या-दाचरितं मुनेः क्वचित् ।
मिथ्यैतदिति विज्ञाय, मिथ्याकारः प्रयुज्यते ॥ १ ॥

अवश्यं प्रतिक्रम्यं चेत्, कृत्वा पापं ततो वरम् ।
पापस्याकरणं चैव, ह्युत्सर्गेऽयं प्रतिक्रमः ॥ २ ॥

पुनर्यो नाचरेत् पापं, प्रतिक्रान्तस्त्रिधाऽपि यः ।
मिथ्याकारः श्रुते प्रोक्त-स्तस्यैव पारमार्थिकः ॥ ३ ॥

मिथ्याकारं प्रयुज्यापि, पापं कुर्यात्तदेव यः ।
प्रत्यक्षः स मृषावादी, मायानिकृतितत्परः ॥ ४ ॥

'मि' मृदुमार्दवत्वे स्यात्, 'छा' दोषस्थगने स्मृतम् ।
'मि' मर्यादास्थितो 'दु' त्ति, जुगुप्सामि निजं तथा ॥५॥

## ૨. મિથ્યાકાર

જો કોઈ પણ આચારસ્થાનમાં મુનિથી કાંઈ પણ ખોટું થઈ જાય, તો તે ખોટું છે, એમ જાણીને મિથ્યાકારનો પ્રયોગ કરવો જોઈએ = મિચ્છામિ દુક્કડમ્ દેવું જોઈએ. ॥૧॥

જો પાપ કર્યા પછી અવશ્ય પ્રતિક્રમણ કરવાનું જ છે, તો તેના કરતા બહેતર છે કે પાપ કરવું જ નહીં. અને આ જ ઉત્સર્ગથી પ્રતિક્રમણ છે, કે પાપ કરવું જ નહીં. ॥ ૨ ॥

જે ફરીથી પાપ આચરતો નથી, જે મન, વચન, કાયાથી પાપથી પાછો ફર્યો છે, તેનું જ મિચ્છામિ દુક્કડમ્ સાચું છે, એમ શ્રુતમાં કહ્યું છે. ॥ ૩ ॥

જે મિચ્છામિ દુક્કડમ્ આપ્યા પછી પણ ફરીથી તે જ પાપ કરે છે, એ તો પ્રત્યક્ષ મૃષાવાદી છે, માયા ને પ્રપંચમાં તત્પર છે. ॥ ૪ ॥

મિ - શરીર અને મનની મૃદુતાથી
ચ્છા - દોષોનું છાદન કરું છું.
મિ - મર્યાદામાં રહ્યો છું.
દુ - મારા દુષ્ટ આત્માની જુગુપ્સા કરું છું.

‘क’ कृतं हा मया पापं, ‘ह’ लङ्घये शमेन तत् ।
मिथ्यादुष्कृताक्षराणा - मर्थ एष समासतः ।। ६ ।।

मिथ्याकारप्रयोगेण, जिनाज्ञाऽऽराधनं भवेत् ।
तीव्रस्ततोऽपि संवेगो - ऽपुनःकृतेश्च निश्चयः ।।७।।

नियमेन समुल्लास, एतद्भावस्य जायते ।
उक्ताक्षरार्थविज्ञस्य, तस्य तत्प्रतिबन्धतः ।। ८ ।।

(मालिनी)

वृजिनविषयहेय - प्रज्ञया संयुनक्ति,
ह्यनुशयमतया सम्मेलमप्यातनोति ।
परिहरति च पाप - सत्कभूयःप्रसङ्गं,
व्रजति शमिति मिथ्या-दुष्कृतस्य प्रदाता ।। ९ ।।

ક - હાય ! મેં પાપ કર્યું.

ડ - ઉપશમથી તે પાપને ઓળંગી જાઉં છું.

આ મિચ્છામિ દુક્કડમ્ પદના અક્ષરોનો સંક્ષેપથી અર્થ છે. ॥ ૬ ॥

મિથ્યાકારના પ્રયોગથી જિનાજ્ઞાની આરાધના થાય છે. તેનાથી તીવ્ર સંવેગ થાય છે અને ફરીથી એ પાપ નહીં કરવાનો નિશ્ચય થાય છે. ॥ ૭ ॥

જે ઉપરોક્ત અક્ષરોના અર્થને સમ્યક્ રીતે જાણે છે, તેને તે તે અર્થ પ્રત્યે વિશિષ્ટ આદર હોય છે. માટે તેને આવા (સંવેગ વગેરે) ભાવનો અવશ્ય ઉલ્લાસ થાય છે. ॥ ૮ ॥

જે મિચ્છામિ દુક્કડમ્ આપે છે, તેને પાપ પ્રત્યે હેયબુદ્ધિ થાય છે. હૃદયમાં પશ્ચાત્તાપનો ભાવ જાગે છે. તે ફરીથી તે પાપ કરવાનું ટાળે છે. આ રીતે મિચ્છામિ દુક્કડમ્ આપનાર સુખી થાય છે. ॥ ૯ ॥

## ३. तथाकारः

सूत्रार्थादिषु कार्येषु, गुरुणाऽभिहितेषु यत् ।
तथेति वदनं साधो-स्तथाकारः स उच्यते ॥ १ ॥

कृत्याकृत्यविदः पञ्च-महाव्रतपरिस्थितेः ।
तपसंयमयुक्तस्य, तथाकारोऽविकल्पतः ॥ २ ॥

संविज्ञपाक्षिके गीते, तथाकारोऽविकल्पतः ।
इतरस्मिन् विकल्पेन, युक्तिक्षमे न चापरे ॥ ३ ॥

ज्ञानेन वेत्ति गीतार्थः, संवेगेनोपदेष्टि च ।
तस्मिंस्तु योऽतथाकारो - ऽभिनिवेशफलं हि तत् ॥४॥

प्रत्यपायान् विजानन्ति, ह्याचार्या एव न त्वहम् ।
एवम्मत्वाऽविकल्पेन, तथाकारः श्रुते श्रुतः ॥ ५ ॥

## 3. તથાકાર

ગુરુએ કહેલા સૂત્ર-અર્થ વગેરે કાર્યોમાં મુનિ જે 'તે જ મુજબ છે' - 'તહત્તિ' એમ કહે, તે તથાકાર કહેવાય છે. ॥ ૧ ॥

જે કાર્ય-અકાર્યને જાણે છે, જે પાંચ મહાવ્રતોમાં સુસ્થિત છે અને જે તપ-સંયમથી યુક્ત છે, તેમનું વચન કોઈ વિકલ્પ કર્યા વિના તહત્તિ કરવું જોઈએ. ॥ ૨ ॥

જે સંવિજ્ઞપાક્ષિક ગીતાર્થ હોય, તેમનું વચન પણ કોઈ વિકલ્પ કર્યા વિના તહત્તિ કરવું જોઈએ. તે સિવાયની વ્યક્તિની વાત યુક્તિયુક્ત હોય તો તહત્તિ કરવી જોઈએ. અન્યથા તહત્તિ ન કરવી જોઈએ. ॥ ૩ ॥

ગીતાર્થ જ્ઞાનથી જાણે છે, અને સંવેગથી કહે છે. તેની વાત પણ તહત્તિ ન કરવી, એ અભિનિવેશનું જ ફળ છે. ॥ ૪ ॥

આચાર્ય ભગવંત જ પ્રત્યપાયોને જાણે છે. (તેમનું વચન નહીં માનવામાં જે નુકશાનો છે, તે જાણે છે.) હું નથી જાણતો. આ રીતે માનીને કોઈ વિકલ્પ કર્યા વિના તેમની વાત તહત્તિ કરવી જોઈએ, એમ શ્રુતમાં (કલ્પસૂત્રમાં) કહ્યું છે. ॥ ૫ ॥

चण्डरुद्रसूरेः शिष्यो, माषतुषमुनिस्तथा ।
कैवल्यं यदवापैतद्, भावतथाकृतेः फलम् ।। ६ ।।

न हि मोहनिकाराय, तथाकारसमौषधम् ।
स्मर्त्तव्यमाष्टकं चात्र, हारिभद्रमिदं वचः ।। ७ ।।

न मोहोद्रिक्तताऽभावे, स्वाग्रहो जायते क्वचित् ।
गुणवत्पारतन्त्र्यं हि, तदनुत्कर्षसाधनम् ।। ८ ।।

(उपजाति)

मिथ्यात्वसङ्गो ह्यतथाकृतेस्स्यान्,
मोहस्य पोषः सुगुणस्य शोषः ।
अतो महामन्त्रवदेतदस्तु,
'ह्याज्ञा गुरुणामविचारणीया' ।। ९ ।।

ચંડરુદ્રસૂરિના શિષ્યે અને માષતુષ મુનિએ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી, તે ફળ હતું ભાવ તથાકારનું. (ગુરુ જે કહે છે, તે બરાબર જ છે, એવી દૃઢ શ્રદ્ધાનું.) ॥ ૬ ॥

મોહનો નાશ કરવો હોય, તો તથાકાર જેવું કોઈ ઔષધ નથી. આ વિષયમાં અષ્ટક પ્રકરણનું પૂ. હરિભદ્રસૂરિ મહારાજાનું આ વચન યાદ કરવા જેવું છે.. ॥ ૭ ॥

મોહના અતિરેક વિના ક્યાંય સ્વાગ્રહ થતો નથી. અને મોહનો અપકર્ષ કરવાનો કોઈ ઉપાય હોય, તો એ છે ગુણવાન વ્યક્તિને પરતંત્ર (સમર્પિત) બની જવું તે. ॥ ૮ ॥

તહત્તિ ન કરવાથી (પૂર્વોક્ત રીતે) મિથ્યાત્વ લાગે છે, મોહનું પોષણ થાય છે, અને સદ્‌ગુણોનું શોષણ થાય છે. માટે આટલી વાત મહામંત્રની જેમ આત્મસાત્ કરી લેવી જોઈએ, કે 'ગુરુની આજ્ઞા અવિચારણીય છે' = કોઈ વિકલ્પ કર્યા વિના ગુરુની આજ્ઞાનો અમલ કરવો જોઈએ. ॥ ૯ ॥

## ४. आवश्यकी

कार्येण गच्छतः सूत्र-नीत्या गुर्वाज्ञया मुनेः ।
आवश्यकीति विज्ञेया, वसत्यादेर्विनिर्गमे ॥ १ ॥

तदेव तस्य कार्यं स्याद्, यद्रत्नत्रयसाधकम् ।
अकार्यं हि मुनेरन्यत्, तत्र नावश्यकी शुचिः ॥ २ ॥

अकार्ये गच्छतोऽपि य-दावश्यकीवचस्तु तत् ।
निर्विषयं वचोमात्रं, दोषहेतुर्मृषा तथा ॥ ३ ॥

अधिकारोऽपि न साधो, रत्नत्रयबहिर्भूते ।
एतावदेव श्रामण्यं, यद्रत्नत्रयसाधनम् ॥ ४ ॥

# ૪. આવશ્યકી

ગુર્વાજ્ઞાપૂર્વક શાસ્ત્રનીતિથી મુનિ કોઈ પ્રયોજનથી વસતિ વગેરેની બહાર જાય, ત્યારે 'આવશ્યકી' સામાચારી સમજવી જોઈએ. ।। ૧ ।।

સાધુને તો તેનું પ્રયોજન હોય, કે જે રત્નત્રયીનું સાધક હોય, એ સિવાય તો મુનિ માટે બધું જ અકાર્ય છે. તેથી એના માટે મુનિ આવશ્યકી કરે, તો એ શુદ્ધ નથી. ।। ૨ ।।

અકાર્ય માટે જનાર મુનિ પણ આવસ્સહિ એવું વચન બોલે, તેમાં અવશ્યકાર્યરૂપ વિષય જ નથી. માટે તે નિર્વિષય છે. તેથી ત્યાં માત્ર વચન જ છે, તેને અનુરૂપ ક્રિયા નથી. એવું વચન દોષનું કારણ છે અને મૃષાવાદ છે. ।। ૩ ।।

જે રત્નત્રયીની બહારની વસ્તુ છે, તે વસ્તુ કરવાનો સાધુનો અધિકાર જ નથી. રત્નત્રયીની સાધના કરવી, એટલું જ તેનું સાધુપણું છે. ।। ૪ ।।

कार्यमपि स्यादकार्यं, मुनेर्गुर्वाज्ञया विना ।
सर्वमपि यतः साधो- र्गुर्वायत्तं न संशयः ।। ५ ।।

किञ्च कार्ये गुरुक्तोऽपि, व्रजेदनुपयोगतः ।
तदाप्यावश्यकी नास्य, शुद्ध्यतीर्याऽविशुद्धितः ।। ६ ।।

सर्वैरावश्यकैर्युक्तो, यः स आवश्यकीयुतः ।
तत्रैवान्वर्थयोगेना - ऽन्यत्र च तदभावतः ।। ७ ।।

ईर्यानिमित्तबन्धो न, नात्मविराधनादयः ।
स्वाध्यायादिगुणास्तु स्यु-र्वसतिस्थमुनेर्यतः ।। ८ ।।

(भुजङ्गप्रयातम्)

अतः कारणेनैव गन्तव्यमेतज्,
जिनोक्तं रहस्यं समाचारसत्कम् ।
अवश्यं च हेतौ तु गम्यं यतस्स्यु -
र्गुरूपासनाद्या गुणाः सिद्ध्युपायाः ।। ९ ।।

વળી રત્નત્રયીરૂપ કાર્ય માટે બહાર જનાર મહાત્મા પણ જો ગુરુની આજ્ઞા ન લે, તો એ અકાર્ય બની જાય. કારણ કે સાધુનું બધું જ ગુરુને આધીન છે, એ નિઃશંક છે. ॥ ૫ ॥

વળી મુનિ રત્નત્રયી માટે જતા હોય, ગુરુની આજ્ઞા પણ હોય, તો ય ઉપયોગ વિના ચાલે, તો તેમની આવશ્યકી સામાચારી શુદ્ધ નથી, કારણ કે અનુપયોગને કારણે ઈર્યાસમિતિનો ભંગ થાય છે. ॥ ૬ ॥

જે સર્વ આવશ્યકોથી યુક્ત છે, તે આવશ્યકી સામાચારી સહિત છે. કારણ કે 'આવશ્યકી' ની વ્યુત્પત્તિ તેનામાં જ ઘટે છે, બીજામાં ઘટતી નથી. ॥ ૭ ॥

મુનિ ઉપાશ્રયમાં રહે, તો તેમને ચાલવાથી થતો કર્મબંધ થતો નથી, આત્મવિરાધના, સંયમવિરાધના વગેરે દોષો પણ લાગતા નથી, ઉલ્ટુ સ્વાધ્યાય વગેરે લાભો થાય છે. ॥ ૮ ॥

માટે આવશ્યકી સામાચારીનું આ રહસ્ય જિનેશ્વરોએ કહ્યું છે, કે કારણ હોય તો જ બહાર જવું. અને કારણ હોય તો જરૂર જવું જ. કારણ કે એનાથી ગુરુની ઉપાસના (ગોચરી-પાણી વગેરેનો લાભ) વગેરે સિદ્ધિના ઉપાયો રૂપ ગુણો થાય છે. ॥ ૯ ॥

## ५. नैषेधिकी

कृतपापनिषेधात्मा - ऽवग्रहस्य प्रवेशने ।
नैषेधिकीति यद् ब्रूयान्, नैषेधिकीति सोच्यते ।। १ ।।

गुरूणामुपदेशेन, चोपयोगपुरस्सरम् ।
नैषेधिक्यपि कर्त्तव्या, मौने मुख्यमिदं द्वयम् ।। २ ।।

दृढयत्नोपयोगेन, देवगुर्वोरवग्रहे ।
प्रवेश इष्टदोऽनिष्ट-फलदस्त्वन्यथा भवेत् ।। ३ ।।

चैत्यदर्शनमात्रेऽपि, श्राद्धा औचित्यशेखरा ।
अवतरन्ति हस्त्यादेः, साधूनां तु कथैव का ? ।। ४ ।।

विशिष्टौचित्यशालित्वाद्, यत्नवत्त्वात्सदाऽपि च ।
विशिष्टतरतद्वत्त्वं, निषेधेन मुनेर्भवेत् ।। ५ ।।

# ૫. નૈષેધિકી

પોતાના આત્માને પાપનો નિષેધ કરનારા મુનિ અવગ્રહમાં પ્રવેશતા 'નિસીહિ' એમ બોલે, તેને 'નૈષેધિકી' સામાચારી કહેવાય છે. ॥ ૧ ॥

નૈષિધિકી સામાચારી પણ (૧) ગુરુના ઉપદેશથી (૨) ઉપયોગપૂર્વક કરવી જોઈએ. આ બે વસ્તુ સાધુપણામાં મુખ્ય છે. ॥ ૨ ॥

દેવ-ગુરુના અવગ્રહમાં દઢ યત્ન અને ઉપયોગ પૂર્વક પ્રવેશ કરીએ તો તેનાથી કર્મનિર્જરારૂપ ઈષ્ટ ફળ મળે છે, અન્યથા કર્મબંધરૂપ અનિષ્ટ ફળ મળે છે. ॥૩॥

ઔચિત્યમાં નિપુણ શ્રાવકો ચૈત્યનું દર્શન થતાની સાથે જ હાથી વગેરે પરથી ઉતરી જાય છે, તો પછી સાધુઓની તો વાત જ શું કરવી ? ॥ ૪ ॥

સાધુ તો વિશિષ્ટ ઔચિત્ય સંપન્ન હોય, સદા માટે યત્નયુક્ત હોય, માટે મુનિ 'નિસિહી' કરે, તેનાથી તેમને વધુ વિશિષ્ટ યત્ન અને ઉપયોગનો ભાવ આવે. ॥૫॥

दृढप्रयत्नवैकल्यं, सञ्जायते नियोगतः ।
आशातनाभयाभावा - दतस्तद्भयवान् भवेत् ॥ ६॥

शय्यां स्थानं यदा कुर्या - त्तदा नैषेधिकी भवेत् ।
यस्मात्तदा निषेधोऽस्ति, सा निषेधात्मिका च यत् ॥७॥

मूलोत्तरगुणानां यो - ऽतिचाराणां निषेधकृत् ।
सती नैषेधिकी तस्य, वाङ्मात्रमितरस्य तु ॥ ८ ॥

(वसन्ततिलका)

मूलोत्तरैर्गुणगणैः सहितस्तु यः स,
आवश्यकेन सहितो नियमान्निषिद्धः ।
यद्वा निषिद्धपुरुषः कृतपापहानः,
सावश्यको नियमतो भवतीति तुल्यम् ॥ ९ ॥

આશાતનાનો ભય ન હોવાના કારણે જ દૃઢ પ્રયત્નનો અભાવ થાય છે. માટે આશાતનાનો ભય રાખવો જોઈએ. ॥ ૬ ॥

જ્યારે મુનિ શયન કે ઉભા રહેવા વગેરેની ક્રિયા કરે, ત્યારે નૈષેધિકી સામાચારી હોય, કારણ કે ત્યારે બાહ્ય વ્યાપારોનો નિષેધ છે, અને નૈષેધિકી સામાચારી નિષેધરૂપ છે. ॥ ૭ ॥

જેણે મૂળ-ઉત્તર ગુણોના અતિચારોનો નિષેધ કર્યો છે, તેની જ 'નિસીહિ' સાચી છે. બીજાની 'નિસીહિ' તો વચનમાત્ર જ છે. (નિસીહિ એવો શબ્દ જ તેની પાસે છે, તેને અનુરૂપ વસ્તુસ્થિતિ નથી.) ॥ ૮ ॥

જે મૂળ-ઉત્તર ગુણગણોથી યુક્ત છે, આવશ્યક સહિત છે, તે અવશ્ય નિષિદ્ધ છે. (પાપોનો નિષેધ કરનાર છે.) અથવા તો પાપોનો ત્યાગ કરનાર જે નિષિદ્ધ આત્મા છે, તે અવશ્ય આવશ્યક સહિત છે. આ રીતે આ બંને સામાચારીના સ્વામી તુલ્ય છે. ॥૯॥

## ६. आपृच्छा

आत्महितस्य कार्यस्य, प्रतिज्ञाया गुरोः पुरः ।
निवेदनं विनीतस्य, साऽऽपृच्छा समये स्मृता ॥ १ ॥

श्रेयस्तत्पूर्वकं कर्म, नान्यथेत्यवधार्यताम् ।
सर्वं पृष्ट्वैव कर्त्तव्य-मिति कल्पानुशासनम् ॥ २ ॥

यतो गुरुर्विधिज्ञाता, दर्शयति विधिं शुचिम् ।
ततोऽपि तत्प्रतिपत्तिः, शुभभावोदयस्ततः ॥ ३ ॥

ततोऽपि विघ्नसंहार, इष्टप्राप्तिस्ततो भवेत् ।
ततोऽपि सौख्यसन्तानः, सङ्क्षयश्चापि पाप्मनाम् ॥४॥

ततोऽपि सद्गतिलाभः, सद्गुरोश्चापि सङ्गतिः ।
सच्छ्रुत्यादिसुलब्धेश्च, ततोऽपि स्यात् परा गतिः ॥५॥

## ૬. આપૃચ્છા

આત્મહિતકારક કાર્યની પ્રતિજ્ઞાનું ગુરુસમક્ષ વિનયપૂર્વક નિવેદન કરવું, તેને સિદ્ધાન્તમાં આપૃચ્છા કહી છે. ॥ ૧ ॥

આપૃચ્છાપૂર્વક કાર્ય કરાય, તે જ કલ્યાણકારક છે, અન્ય નહીં, એવો દૃઢ નિશ્ચય કરવો જોઈએ. બધું ગુરુને પૂછીને જ કરવું જોઈએ એવું કલ્પસૂત્રનું અનુશાસન છે. ॥ ૨ ॥

ગુરુ વિધિજ્ઞાતા છે, માટે તેઓ શુદ્ધ વિધિ બતાવે છે. તેથી શિષ્ય શુદ્ધ વિધિનો સ્વીકાર કરે છે. તેનાથી શિષ્યને શુભ ભાવ જાગે છે. ॥ 3 ॥

તેનાથી વિઘ્નો જતા રહે છે, તેનાથી ઈષ્ટની પ્રાપ્તિ થાય છે. તેનાથી પણ સુખની પરંપરા ચાલે છે અને પાપોનો ક્ષય થાય છે. ॥ ૪ ॥

તેનાથી સદ્ગતિ મળે છે, તેનાથી સદ્ગુરુનું સાન્નિધ્ય મળે છે. તથા સમ્યક્શ્રવણ વગેરેની પ્રાપ્તિ દ્વારા પરમગતિ થાય છે. ॥ ૫ ॥

अनापृच्छ्य तु कुर्वाण, उक्तसर्वविपर्ययम् ।
प्राप्नोत्यनर्थसन्दोहं, कार्याऽऽपृच्छा सदाप्यतः ।। ६ ।।

आपृच्छा मङ्गलं प्रोक्त-मेवम्भूतनयाऽऽशयात् ।
मङ्गं कल्याणकं लाती-ति निरुक्तिसमन्वयात् ।। ७ ।।

गुरुमापृच्छतः पृच्छा, गौतमादिमहात्मनाम् ।
पारतन्त्र्यं श्रीवीरे च, परमपदकारणम् ।। ८ ।।

(शिखरिणि)

निमेषोन्मेषादीन्, गुरुवरमथाऽऽपृच्छ्य य इह,
ह्यनापृच्छ्याजस्रं, गुरुतरमभीष्टं प्रकुरुते ।
न जाने दुर्भाग्यः, स तु कमतिसन्धत्त इतधी-
र्जिनं वा सूरिं वा- ऽप्यहह निजमात्मानमपि वा ? ।।९।।

જે ગુરુને પૂછ્યા વિના કરે છે, તે તો ઉપરોક્ત સર્વ લાભોનો વિપર્યાસ પામે છે, અનર્થોના સમૂહને પામે છે, માટે હંમેશા ગુરુને આપૃચ્છા કરવી જોઈએ. ॥૬॥

મંગ - કલ્યાણ, તેને લાવે તે મંગળ.

આ રીતે ‘મંગલ’ની વ્યુત્પત્તિનો સમન્વય થતો હોવાથી એવંભૂતનયના આશયથી આપૃચ્છા એ મંગળ કહ્યું છે. ॥ ૭ ॥

જે ગુરુને પૂછે છે, તે ગૌતમસ્વામી આદિ મહાપુરુષોને પૂછે છે, એ શ્રી વીર પ્રભુને સમર્પિત છે. એનું આ સમર્પણ પરમ પદનું કારણ બને છે. ॥ ૮ ॥

બહુવેલ સંદિસાહું ઈત્યાદિ આદેશોથી આંખના પલકારા અને શ્વાસોચ્છ્વાસ વગેરેની પણ ગુરુદેવ પાસે રજા લીધા બાદ જે વારંવાર મોટું મોટું પણ મનગમતું કાર્ય પૂછ્યા વિના કરે છે, તે દુર્ભાગી અને મૂર્ખ છે. તે ભગવાનને છેતરે છે ? ગુરુને છેતરે છે ? કે પોતાના આત્માને છેતરે છે ? એ જ સમજાતું નથી. ॥ ૯ ॥

## ७. प्रतिपृच्छा

पूर्वनियुक्तकार्यस्य, पृच्छा या करणक्षणे ।
कार्यान्तरादिज्ञानार्थं, प्रतिपृच्छा तु सोच्यते ॥ १ ॥

कार्यान्तरेण कार्यं स्यात्, कालान्तरेऽथवा भवेत् ।
कृतं वाऽस्ति तदा कार्य-मन्यो वा तत् करिष्यति ॥२॥

अथवाऽपि प्रवृत्तस्य, त्रिवारस्खलनावशात् ।
प्रतिपृच्छा प्रयोज्या स्यात्, ततः शकुनतो व्रजेत् ॥ ३ ॥

केचिदाहुः प्रतिपृच्छा, प्राग् निषिद्धे प्रवर्त्तते ।
एवमपि न दोषो य - दुत्सर्गेतरयोर्वृषः ॥ ४ ॥

## ૭. પ્રતિપૃચ્છા

ગુરુને પહેલા આપૃચ્છા કરતી વખતે જે કાર્યનું નિવેદન કર્યું હોય, તે કાર્યના સમયે ગુરુને બીજું કામ કરાવવું હોય, ઈત્યાદિ જાણવા માટે જે પ્રશ્ન કરાય, તેને પ્રતિપૃચ્છા કહેવાય. ॥ ૧ ॥

શક્ય છે કે ગુરુને અન્ય કાર્યનું પ્રયોજન હોય, કે તે કાર્ય પછી અન્ય કાળે થાય એવી ઈચ્છા હોય, અથવા તો તે કામ કરી દીધું હોય, કે અન્ય કોઈ કરશે એવી ગુરુની ધારણા હોય. ॥ ૨ ॥

અથવા શિષ્ય ગુરુને પૂછીને અમુક કાર્ય માટે જાય, ત્યારે ત્રણ વાર સુધી રસ્તામાં સ્ખલના થાય, તો પ્રતિપૃચ્છા કરવી જોઈએ. અને પછી શુકન લઈને જવું જોઈએ. ॥૩॥

કેટલાક એમ કહે છે કે પ્રતિપૃચ્છા એ પૂર્વનિષિદ્ધ વાતમાં કરવામાં આવે છે. (ગુરુએ પહેલા જેની ના પાડી હોય, તેનું ફરી પ્રયોજન ઊભું થાય ત્યારે ફરી પૂછવામાં આવે છે.) તો આ રીતે પણ દોષ નથી. કારણ કે ધર્મ તો ઉત્સર્ગ અને અપવાદ એ બેમાં રહેલો છે. ॥ ૪ ॥

उत्पद्यते हि साऽवस्था, देशकालामयान् प्रति ।
कार्यं यस्यामकार्यं स्यात्, कर्म कार्यं तु वर्जयेत् ॥५॥

आपृच्छा न फलं दातुं, स्वातन्त्र्यात्प्रत्यला भवेत्
प्रतिपृच्छोपकर्त्री सा, तां विना तदसम्भवात् ॥ ६ ॥

इत्थञ्च प्रतिपृच्छाया, अभावेऽपि फलं भवेत् ।
आपृच्छाजन्यमित्येत - दपास्तं मुग्धनोदनम् ॥ ७ ॥

निष्फलैव तदापृच्छा, सामाचारीत्यपि मृषा ।
अविलम्बितकार्येऽस्याः, साफल्यात्सहकारितः ॥ ८ ॥

(उपजाति)

पूर्णो हि साधोः परतन्त्रभावो,
गुरुं प्रतीति प्रतिपृच्छयोक्तम् ।
कथं समाचार इह स्वतन्त्रे,
श्रामण्यमप्येतदहो ! विचिन्त्यम् ॥ ९ ॥

જેમ કે આયુર્વેદમાં કહ્યું છે કે વિશિષ્ટ દેશ-કાળના રોગોમાં તે અવસ્થા ઉદ્ભવે છે, કે જેમાં અકાર્ય કર્ત્તવ્ય બને છે, અને કર્ત્તવ્યને છોડવું પડે છે. ।। ૫ ।।

આપૃચ્છા એ સ્વતંત્રરૂપે ફળ આપવામાં સમર્થ નથી. પણ એ તો પ્રતિપૃચ્છા પર ઉપકાર કરે છે. કારણ કે આપૃચ્છા વિના પ્રતિપૃચ્છા સંભવિત નથી. ।। ૬ ।।

આ રીતે - પ્રતિપૃચ્છા ન કરો, તો પણ આપૃચ્છાનું ફળ તો મળે જ છે - એવા મુગ્ધજનના તર્કનું નિરાકરણ થઈ જાય છે. ।। ૭ ।।

તો પછી આપૃચ્છા સામાચારી નિષ્ફળ જ છે એમ કહેવું પણ ખોટું છે. કારણ કે જ્યાં કાર્ય અવિલંબિતપણે કરવાનું હોય, (વચ્ચે કાળક્ષેપ ન હોય,) ત્યાં અવિલંબિત-કાર્યકરણરૂપ સહકારી ભળવાથી આપૃચ્છા સામાચારી સફળ બને છે. (અન્યથા પણ પરંપરાએ આ સામાચારી સફળ જ છે, એ શ્લોક ૬ માં દર્શાવ્યું છે.) ।। ૮ ।।

પ્રતિપૃચ્છા સામાચારી એમ કહે છે કે સાધુ ગુરુને પૂર્ણરૂપે પરતંત્ર છે. માટે જે સ્વતંત્ર છે, તેનામાં સામાચારી કે સાધુપણું શી રીતે સંભવી શકે ? એ વિચારણીય છે. ।। ૯ ।।

## ८. छन्दना

गुर्वाज्ञया यथार्हं यद्, दानं प्राग्गृहीतस्य तु ।
अशनादेरियं सामा - चारी स्याच्छन्दनाभिधा ॥ १ ॥

आत्मलब्धिक- विशिष्ट- तपस्व्यादिं प्रतीत्य यत् ।
विशेषविषया चैषा, नाचर्या सकलैस्ततः ॥ २ ॥

मण्डलिभोजिनस्सर्वे - प्येकभक्ततपस्विनः ।
प्राग्गृहीताशनाऽभावा- दतस्तेषां भवेन्न सा ॥ ३ ॥

अधिकग्रहणं चात्म- लब्ध्यादेरस्ति सम्मतम् ।
बालादीनां प्रदानेन, ह्यात्मनो यदनुग्रहः ॥ ४ ॥

## ૮. છંદના

ગુરુની આજ્ઞાપૂર્વક પહેલા ગ્રહણ કરેલા આહાર આદિનું જે યથાયોગ્ય દાન કરવું, એ છંદના નામની સામાચારી છે. ॥ ૧ ॥

આત્મલબ્ધિક (પોતે જ લાવેલી ગોચરી વાપરનાર), વિશિષ્ટ તપસ્વી વગેરેને આશ્રીને આ સામાચારી વિશેષવિષયક છે. માટે બાકી બધાએ આ સામાચારીનું પાલન કરવાનું હોતું નથી. ॥ ૨ ॥

બાકી બધા મુનિઓ તો માંડલીમાં વાપરનારા હોય, અને એકાસણાના તપવાળા હોય. માટે તેમની પાસે પહેલા ગ્રહણ કરેલ આહાર ન હોય. માટે તેમને છંદના સામાચારી ન હોય. ॥ ૩ ॥

આત્મલબ્ધિક વગેરેને પોતાના પ્રમાણ કરતા વધારે વહોરવાનું શાસ્ત્રસમ્મત છે. કારણ કે વધારાનો આહાર બાળ-ગ્લાન વગેરેને આપી શકાય અને તેનાથી થતી નિર્જરાથી પોતાના આત્મા પર અનુગ્રહ થાય. ॥ ૪ ॥

बालादिश्चेन्न गृह्णीयात्, तथापि सफलैव सा ।
आज्ञाशुद्धस्य भावस्य, निर्जरा फलदत्वतः ।। ५ ।।

निर्जरा भावशुद्धौ स्याद्, ग्रहणेऽग्रहणेऽपि च ।
बन्धस्तु भावमालिन्ये, ग्रहणेऽग्रहणेऽपि च ।। ६ ।।

द्वादशाङ्गाप्तसाराणां, रहस्यमृषीणां परम् ।
प्रमाणं परिणामस्स्या - दाश्रितानां विनिश्चयम् ।। ७ ।।

ज्ञानाद्युपग्रहाऽऽशंसा-जन्या भवतु छन्दना ।
मा प्रत्युपकृतीहातो, मा भूत् कीर्तीच्छया तथा ।। ८ ।।

(वसन्ततिलका)

छन्द्योऽपि नालसतया ननु लातु किञ्चित्,
मा लातु प्रत्युपकृतिं ह्यपि दर्शयन् सः ।
सन्निर्जरा भवतु छन्दकसत्कलाभ,
इत्येव धीरगुणयुक् ग्रहणं करोतु ।। ९ ।।

જો બાળ વગેરે ગ્રહણ ન કરે, તો પણ છંદના સફળ છે, કારણ કે આજ્ઞાશુદ્ધ ભાવ નિર્જરારૂપી ફળ આપે જ છે. ॥ ૫ ॥

જો ભાવવિશુદ્ધિ હોય, તો બાળ વગેરે આહારનું ગ્રહણ કરે કે ન કરે, તો પણ નિર્જરા થાય છે, અને જો ભાવમાલિન્ય હોય, તો બાળ વગેરે ગ્રહણ કરે કે ન કરે, તો પણ કર્મબંધ થાય છે. ॥ ૬ ॥

દ્વાદશાંગીના રહસ્યને પામનારા, નિશ્ચયનયનું અવલંબન કરનારા ઋષિઓનું આ પરમ રહસ્ય છે, કે પરિણામ (અધ્યવસાય) એ પ્રમાણ છે. ॥ ૭ ॥

જ્ઞાન વગેરેનો ઉપગ્રહ થાય એવી ભાવનાથી છંદના કરવી જોઈએ. પણ હું એને આપીશ, તો એ પ્રત્યુપકાર કરશે, કે મારી કીર્તિ થશે, એવી ઈચ્છાથી છંદના ન કરવી જોઈએ. ॥ ૮ ॥

જેને છંદના કરવામાં આવે છે, તેણે પણ આળસથી કે હું તમારા પર પ્રત્યુપકાર કરીશ એવું દેખાડીને ગ્રહણ ન કરવું જોઈએ. 'છંદના કરનારને સત્તાગત કર્મોની નિર્જરાનો લાભ થાઓ' આ જ ભાવનાથી ધીર ગુણોથી યુક્ત મુનિએ ગ્રહણ કરવું જોઈએ. ॥ ૯ ॥

## ९. निमन्त्रणा

गुर्वाज्ञयाऽगृहीतस्या - शनादेः प्रार्थना तु या ।
स्वाध्यायादिपरिश्रान्तः, कुर्यादेनां निमन्त्रणाम् ।। १ ।।

स्वाध्यायादिकखिन्नोऽपि, सेवार्थमुद्यमी भवेत् ।
अविच्छिन्नेच्छभावेन, सिद्धिसाधककर्मसु ।। २ ।।

जिनवचःसुधासत्क, परिणतेस्तु सम्भवेत् ।
निरन्तरमभिलाषो, मोक्षानुष्ठानसन्ततौ ।। ३ ।।

यथा बुभुक्षितस्येच्छा, जातु नोच्छिद्यतेऽशने ।
तथा मोक्षार्थिनामिच्छा, नोपाये छिद्यते क्षणम् ।। ४ ।।

न योग्यतां विना शस्या, हीच्छाऽप्यौचित्यभङ्गतः ।
गुरुपृच्छया तां ज्ञात्वा, प्रवर्त्तेत सदाप्यतः ।। ५ ।।

# ૯. નિમંત્રણા

ગુરુની આજ્ઞાપૂર્વક જે આહારાદિ હજી વહોર્યા નથી, તેની જે પ્રાર્થના કરવી, હું તમારા માટે આહારાદિ લાવું એમ વિનંતિ કરવી, તે નિમંત્રણા સામાચારી કહેવાય. મુનિ સ્વાધ્યાય વગેરેથી થાકી જાય, ત્યારે તેમણે નિમંત્રણા કરવી જોઈએ. ॥ ૧ ॥

સાધુ સ્વાધ્યાય વગેરેથી થાકેલા હોય, તો પણ સેવા માટે ઉદ્યમ કરવો જોઈએ. કારણ કે મોક્ષસાધક અનુષ્ઠાનોને આચરવા માટેની તેમની ઈચ્છાનો કદી વિચ્છેદ થતો નથી. ॥ ૨ ॥

જિનવચનરૂપી સુધાની પરિણતિ થાય,—તો મોક્ષ-સાધક અનુષ્ઠાનોની શ્રેણિને આચરવાની સતત અભિલાષા થયા કરે. ॥ 3 ॥

જેમ ભૂખ્યાને કદી ભોજન કરવાની ઈચ્છાનો વિચ્છેદ થતો નથી. તેમ મોક્ષાભિલાષી આત્માને મોક્ષના ઉપાયની ઈચ્છા એક ક્ષણ માટે પણ વિચ્છિન્ન થતી નથી. ॥૪॥

એક વાત અહીં ધ્યાનમાં રાખવી, કે જે અનુષ્ઠાન આચરવાની પોતાનામાં યોગ્યતા ન હોય, તેની ઈચ્છા પ્રશસ્ત નથી. કારણ કે તેનાથી ઔચિત્યનો ભંગ થાય છે. માટે હંમેશા ગુરુને પૂછીને યોગ્તાને જાણીને પ્રવૃત્તિ કરવી જોઈએ. ॥ ૫ ॥

गुर्वाज्ञयाऽकृतेऽपि स्यात्, फलमौचित्यपालनात् ।
अनाज्ञया कृतेऽपि नो, फलमौचित्यभञ्जनात् ।। ६ ।।

गुर्वाज्ञया प्रवृत्तस्य, श्रद्धया कर्त्तुमिच्छतः ।
अदीनस्य भवत्येवं, लाभ एव तपस्विनः ।। ७ ।।

लाभेन योजयन् साधून्, हन्ति लाभान्तरायकम् ।
कुर्वाणस्तत्समाधिं च, सर्वसमाधिमृच्छति ।। ८ ।।

(शार्दूलविक्रीडितम्)

चारित्रं प्रतिभग्नतामृतिवशान्, नश्यत्यपाठाच्छ्रुतं,
वैयावृत्यरुहं शुभोदयमहो !, नो कर्म नश्येत् क्वचित् ।
एकस्मिन् महिते मुनौ मुनिजनाः सर्वेऽप्यहो ! पूजिता,
दृष्टान्तं भरतादयोऽत्र बहव-स्तस्माद् यतीन् तर्पय ।।९।।

ગુરુ અમુક અનુષ્ઠાન કરવાની ના પાડે, તો તે ન કરવા છતાં પણ ફળ મળે છે, કારણ કે તેનાથી ઔચિત્યનું પાલન થાય છે અને ગુરુની આજ્ઞા વિના તો તે અનુષ્ઠાન કરે, તો પણ તેનું ફળ મળતું નથી. કારણ કે તેનાથી ઔચિત્યનો ભંગ થાય છે. ॥ ૬ ॥

જે ગુર્વાજ્ઞાથી પ્રવૃત્ત થાય છે, અને ભક્તિની અભિલાષાથી કરવા ઈચ્છે છે, તેમને કદાચ વહોરવા ગયા પછી વસ્તુ ન મળે તો ય તે અદીન તપસ્વીને તો લાભ જ છે. ॥ ૭ ॥

જે સાધુઓને પ્રતિલાભે છે (આહારાદિ આપે છે), તે લાભાંતરાય કર્મનો ક્ષય કરે છે. અને જે તેમને સમાધિ આપે છે, તે સર્વ પ્રકારની સમાધિને પ્રાપ્ત કરે છે. ॥ ૮ ॥

ચારિત્ર એ પ્રતિભગ્નતાથી (દીક્ષા છોડી દેવાથી) કે મરણથી નાશ પામે છે. શ્રુત એ પરાવર્તન ન કરવાથી નાશ પામે છે. પણ વૈયાવચ્ચથી ઉપાર્જિત કરેલ શુભ પરિણામવાળું કર્મ નાશ પામતું નથી. એક મુનિને પૂજવાથી સર્વ મુનિઓની પૂજા (ભક્તિ) કરવાનો લાભ મળે છે. સાધુસેવાના ઉત્તમ ફળના વિષયમાં ભરતચક્રવર્તી વગેરે ઘણા દૃષ્ટાંતો છે, માટે મુનિઓની આહાર-પાણી વગેરેથી ભક્તિ કરવી જોઈએ. ॥ ૯ ॥

## १०. उपसम्पद्

ज्ञानाद्यर्थमन्यगच्छ - सूरिप्रभृतिसेवनम् ।
उपसम्पदिति ख्याता, इत्वरकालीना च सा ॥ १ ॥

ज्ञानदर्शनचारित्र-भेदादेषा त्रिधा मता ।
ज्ञाने तु वर्त्तना सन्धि-र्ग्रहणं चेत्यपि त्रिधा ॥ २ ॥

त्रितयं तच्च सूत्रार्थो - भयगतं निरूपितम् ।
दर्शनेऽप्येवमेवैषा, ज्ञेया नवविधा तथा ॥ ३ ॥

वर्त्तना तु स्थिरीकारः, सन्धना घटना मता ।
प्रदेशान्तरनष्टस्य, ग्रहणं तु नवग्रहः ॥ ४ ॥

चारित्रार्थं सूरेः कश्चिद्, वैयावृत्यं प्रपद्यते ।
ईत्वरो वा भवेद् यावत् - कथिकोऽप्यथवा तु सः ॥५॥

## ૧૦. ઉપસંપદા

જ્ઞાન વગેરે માટે અન્ય ગચ્છના આચાર્ય વગેરેની ઉપાસના કરવી, એ ઉપસંપદા સામાચારી તરીકે પ્રસિદ્ધ છે. આ સામાચારી અમુક સમય પૂરતી હોય છે. ॥૧॥

જ્ઞાન, દર્શન અને ચારિત્રના ભેદથી એ ત્રણ પ્રકારે છે. જ્ઞાનના વિષયમાં વર્ત્તના, સંધાન અને ગ્રહણ એમ ત્રણ પ્રકારે છે. ॥ ૨ ॥

આ ત્રણ પણ સૂત્ર, અર્થ અને તદુભયના વિષયમાં છે. આ રીતે દર્શનના વિષયમાં પણ (3 x 3) નવ પ્રકારની આ સામાચારી સમજવી. ॥ 3 ॥

વર્ત્તનાનો અર્થ છે સ્થિરીકરણ. સંધનાનો અર્થ છે જે અમુક અંશો તૂટી ગયા હોય-ભૂલાઈ ગયા હોય, તેનું અનુસંધાન કરવું. અને ગ્રહણ એટલે અપૂર્વ-નવું ભણવું. ॥ ૪ ॥

કોઈ મુનિ ચારિત્ર માટે આચાર્યની વૈયાવચ્ચ કરવાનું સ્વીકારે છે. તે અમુક સમય માટે કે આજીવન પણ હોય છે. ॥ ૫ ॥

तथैव तपसे कश्चि - दुपसम्पदमृच्छति ।
विकृष्टक्षपकस्स स्या - दविकृष्टतपास्तु वा ॥ ६ ॥

यदर्थमुपसम्पन्न-स्तमर्थं न करोति यः ।
स्मारणा क्रियते तस्य, ततोऽपि च विसर्जनम् ॥ ७ ॥

यद्वा समाप्तिमानीते, प्रतिपन्नप्रयोजने ।
स्मारणा क्रियते तस्य, ततोऽपि च विसर्जनम् ॥ ८ ॥

(उपजाति)

निरूपितेयं श्रमणोपसम्पद्, निगद्यतेऽथ सगृहोपसम्पद् ।
नावग्रहे केनचिदप्यदत्ते, स्थेयं तृतीयव्रतरक्षणार्थम् ॥९॥

તે જ રીતે કોઈ તપ માટે ઉપસંપદા સ્વીકારે છે, તે વિકૃષ્ટ (અટ્ઠમથી વધુ) તપ કરનારા હોય, કે અવિકૃષ્ટ તપ કરનારા હોય. ॥ ૬ ॥

જે મુનિએ જેના માટે ઉપસંપદા લીધી હોય, તે મુનિ તે વસ્તુ ન કરે તો તેમને સ્મરણ કરાવવામાં આવે. છતાં પણ ન કરે, તો તેમને વિદાય આપવામાં આવે. ॥ ૭ ॥

અથવા તો જે પ્રયોજનથી ઉપસંપદા લીધી હોય, તે પ્રયોજન પૂરું થઈ જાય, ત્યારે તે મુનિને સ્મરણ કરાવવામાં આવે છે, અને પછી વિદાય આપવામાં આવે છે. ॥ ૮ ॥

આ રીતે શ્રમણ-ઉપસંપદા કહી. હવે ગૃહસ્થ-ઉપસંપદા કહેવાય છે. તેની વિધિ આ છે કે જે અવગ્રહ (ઉતારો) કોઈએ આપ્યો ન હોય ત્યાં ન રહેવું જોઈએ. જેનો અવગ્રહ હોય તેની રજા માંગીને ત્યાં રહેવું જોઈએ. કારણ કે આ રીતે ત્રીજા મહાવ્રતની રક્ષા થાય છે. ॥૯॥

## :: उपसंहारः ::

(मन्दाक्रान्ता)

सामाचारी- मिति दशविधा- मागमोक्तां निशम्य,
आराध्येयं, ह्युचितसमये, साधुभिः साधु नित्यम् ।
एतत्सेवा, वितरति यथा - ख्यातचारित्रवित्तं,
यस्य प्राप्त्या, भवति सफला, प्राप्तकल्याणबोधिः ।।

इति
चरमतीर्थपति - करुणासागर - श्रीमहावीरस्वामिशासने
श्री अंधेरी गुजराती जैन सङ्घ- श्री आदिपार्श्वचैत्यसान्निध्ये
मुनिरसाम्बरनयने (२०६७) वैक्रमेऽब्दे
फाल्गुन- कृष्ण- एकादश्यां
तपागच्छीयाचार्यदेव-श्रीमद्विजयप्रेम- भुवनभानु- पद्म-
हेमचन्द्रसूरीश्वरशिष्य-
आचार्यविजयकल्याणबोधिसूरिसंवर्णिता
दशविधसामाचारीरहस्यनिरूपिका
नवनिर्मिता संस्कृतप्रकरणरूपा
आचारोपनिषद्

## :: ઉપસંહાર ::

આ રીતે આગમમાં કહેલી દશ પ્રકારની સામાચારી સાંભળીને સાધુઓએ હંમેશા ઉચિત સમયે તેની સમ્યક્ આરાધના કરવી જોઈએ. આ સામાચારીઓની આરાધના યથાખ્યાત ચારિત્ર-સંપત્તિનું અર્પણ કરે છે. જેની પ્રાપ્તિ દ્વારા આપણને મળેલ દુર્લભ કલ્યાણબોધિ (સમ્યગ્ દર્શન, સમ્યગ્જ્ઞાન) સફળ થાય છે.

ઈતિ

ચરમ તીર્થપતિ - કરુણાસાગર - શ્રી

મહાવીરસ્વામિશાસને

